ભાવનગર જિલ્લાના પ્રખ્યાત ખોડીયાર મંદિર ખાતે શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા

# ખોડીયાર ઉત્સવમાં ડાયરાની રમઝટ જામી

**» નૃત્ય નાટીકા, હુડો, લોકડાયરો સહિતના કાર્યક્રમ લોકોએ ઉત્સાહથી નિહાળ્યો**

**» આજે રાસ-ગરબાના ધમધમાટ સાથે ખોડીયાર ઉત્સવની પૂર્ણાહૂતિ થશે**



(તસવીર : જયદીપ વેગડ)

ભાવનગર તા. ૧૪

રાજ્ય સરકાર અને ભાવનગરના વહીવટી તંત્ર દ્વારા ખોડીયાર ઉત્સવનુ આયોજન કરવામાં આવેલ છે, જેમાં આજે રવિવારે પ્રથમ દિવસે ડાયરામાં ગીતોની રમઝટ જામી હતી. આ ઉપરાંત જુદા જુદા કાર્યક્રમ યોજાયા હતાં. ખોડીયાર ઉત્સવમાં શ્રધ્ધાળુઓ બહોળી સંખ્યામાં ઉમટી પડયા હતાં.

ભાવનગર જિલ્લાનુ રાજપરા ખોડીયાર મંદિર બે દિવસીય ખોડીયાર ઉત્સવનુ આયોજન કરવામાં આવેલ છે. ખોડીયાર ઉત્સવના પગલે મંદિરને લાઈટીંગથી સજાવવામાં આવેલ છે અને મંદિરની આસપાસ સુંદર શણગાર કરવામાં આવેલ છે. આજે રવિવારે સાંજે ખોડીયાર ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં પ્રથમ નીપાબેન ઠક્કર ગૃપ દ્વારા ગણેશ સ્તુતિ કરવામાં આવી હતી અને ત્યારબાદ બજરંગ કલાગ્રૃપ દ્વારા હુડો રજુ કરવામાં આવ્યો હતો તેથી લોકો આનંદમાં આવી ગયા હતાં. આ ઉપરાંત ડેફ સંસ્થા દ્વારા નૃત્ય નાટિકા રજુ કરવામાં આવી હતી અને જય બહુચરાજી શકિત મંડળ દ્વારા ગોફણ રજુ કરવામાં આવતા લોકો ખુશ થઈ ગયા હતાં.

આ કાર્યક્રમ બાદ ડાયરોનુ આયોજન કરાયુ હતુ, જેમાં ફરીદા મીર અને ચંદુભાઈ ચુડાસમાએ માતાજીના સુંદર ગીત ગાય લોકોને મોજમાં લાવી દીધા હતાં. ડાયરામાં ગીતની રમઝટ બોલી હતી અને શ્રધ્ધાળુઓ ગેલમાં આવી ગયા હતાં. આ કાર્યક્રમમાં રાજકીય અગ્રણી, સરકારી અધિકારી સહિતના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. ખોડીયાર ઉત્સવ નિમિતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

આવતીકાલે સોમવારે સાંજે ૭ કલાકે બીજા દિવસનો કાર્યક્રમ યોજાશે. જેમાં જિગરભાઈ ભટ્ટ ગ્રુપ દ્વારા કથ્થકર નૃત્ય, જય બહુચરાજી શક્તિ મંડળ દ્વારા રાસ, કામદાર કલ્યાણ કેન્દ્ર દ્વારા પ્રાચીન ગરબો સરદાર પટેલ સ્કૂલ દ્વારા ફ્યુઝન,જય બહુચરાજી શક્તિ મંડળ દ્વારા પ્રાચીન ગરબો, કોલેજ યુવા ગ્રુપ દ્વારા મિશ્ર રાસ, કલ્ચરલ ગ્રુપ ઓફ કરચલીયાપરા દ્વારા પ્રાચીન ગરબો, બજરંગ કલા ગ્રુપ દ્વારા રાસ રજૂ કરવામાં આવશે.

સંદેશ 15-2-16

## સૂરીલી સાંજ

ગાંધીનગરની સંસ્કૃતી સંસ્થ આયોજિત ભાવનગરની સૂરીલી સાંજ રાજેશ વૈષ્નવ પ્રસ્તુત જૂની-નવી હિન્દી સિનેમાના લોકપ્રિય નૃત્ય ગીતોનો ગાયન, નર્તન અને દ્રશ્યશ્રાવ્યનો કાર્યક્રમ તેરી પાયલ, મેરે ગીત શિર્ષક હેઠળ તા.૨૧-૫ને શનિવારે રાત્રે ૯.૧૫ કલાકે ગાંધીનગર ટાઉન હોલ ખાતે યોજાશે. જેમાં ગૌરવ પુરસ્કૃત ડો.નીપા ઠક્કર અને વૃંદ કેટલાક ગીતોમાં નૃત્ય પ્રસ્તુત કરશે. રસદર્શન ખ્યાતી મહેતા દ્વારા કરવામાં આવશે.